# સજીવ ખેતી વિષે



# ગ્રાહક જાગૃતિ પ્રદર્શન

-: પ્રકાશક :-

જતન
સજીવ ખેતી માટેનું મિશન
વિનોબા આશ્રમ, ગોત્રી,
વડોદરા : ૩૯૦ ૦૨૧
ફોન : ૦૨૬૫-૨૩૭૧૪૨૯


-: સજાવટ :-


તુષાર ધંધુકિયા, અમદાવાદ


*

UNDP / GEF / SGP અંતર્ગત નિર્મિત


# જીવનનો આધાર




અમૃત સમ અન્ન
રાજ અમારું જે ખેતરમાં,
અમૃત પાકે તે ખેતરમાં
હું માટીનું ઢેફું
જીવન છું, જીવંત છું !
જોર જરા અજમાવો
ધરશે ધરતી મૈયા સોનું
હું છું ખેડૂત-મિત્ર અળસિયું...
જમીન રાખું પોચી
જેથી છોડનાં મૂળને મળે પૂરતાં
ખોરાક ને હવા-પાણી
હું છું દેશી બીજ...
કુદરતે બનાવ્યું મને ખડતલ
માટે જ
મારો પાક પણ ખડતલ
હું છું લીમડો, ખેતરનો ડૉક્ટર...
ભૂલે-ચૂકે પાક પડે માંદો
તો મારી દવા કરે તેને સાજો
અમે ખેડૂતનાં જોડીદાર
ખેતરની ફળદ્રુપતા જાળવવામાં
અમારો મોટો આધાર
જીવન છે ચોતરફ
મારા ખેતરમાં,
ન ક્યાંય રસાયણોનું
નામો નિશાન !
લહેરાય લીલોછમ
પાક મારો,
હે મા પ્રકૃતિ
તને કોટિ નમન !
આ છે સજીવ ખેતી
ખેતીને રાખે રસાયણોથી છેટી
પકવે અમૃત સમ રોટી
પણ આજે ?


ચાર દિવસની ચાંદની
રાસાયણિક ખેતીએ ફેલાવી એવી માયાજાળ,
પર્યાવરણ અને કુદરતી રીતો ક્યાંય ગયા વિસરાઈ !
ચાર દિવસની ચાંદની
આ રસાયણો છે ભ્રાંતિ,
દેખાતો ઢોલો છમ મોલ
પણ અંતે તો પોલમ પોલ !
રાસાયણિક ખાતર વાપરો...
જંતુનાશકો વાપરો...
સંકર બીજ વાપરો...
વાપરો... વાપરો... વાપરો
જૈવિક વૈવિધ્ય
દેશી બીજ
કુદરતી રી
પર્યાવરણ
લ્યો વાપરી રસાયણો
શું લાગ્યું હાથ ?
રોગ વધ્યા, જીવાતો વધી.
માનવ આરોગ્ય
પર્યાવરણ
ખેડૂતોની ખુશહાલી
રસાયણ આધારિત ખેતી

# જગતનો તાત પોકારે ત્રાહિમામ




**ઈ.સ. ૧૯૯૫ થી ૨૦૧૧ દરમ્યાન ભારતમાં દર અડધા કલાકે ૧ ખેડૂતે આત્મહત્યા કરી**

### વ્યક્તિ દીઠ આવક

| વર્ષ | કૃષિક્ષેત્ર : બિનકૃષિક્ષેત્ર |
|---|---|
| ૧૯૫૧ | ૧ : ૧.૪ |
| ૨૦૧૧ | ૧ : ૧૭ |





રસાયણોના સકંજામાં પર્યાવરણ
જંતુનાશકો
ખોવાયા ટહૂકા..
જંતુનાશકોની
અસરથી પક્ષીઓનાં
ઈંડાંનાં કોચલાં નબળાં
પડવાથી બચ્ચાંનાં
કસમયે મૃત્યુ !
બાંગ્લાદેશ, ભારત,
અમેરિકા, બ્રિટન, બ્રાઝિલ
વગેરે દેશોમાં જંતુનાશકોની
અસરથી હજારોની
સંખ્યામાં પક્ષીઓનાં
સામૂહિક મોત !
જમીનની ફળદ્રુપતા જોખમમાં
દરેક ગ્રામ માટીમાં વસે છે ૧૦લાખ સજીવો
રસાયણોથી એમનું જીવન પણ જોખમમાં
પંજાબ અને ચંદીગઢમાં જમીનના
નમૂનાઓમાં જંતુનાશકોની હાજરી
ક્યાં સુધી ચાલશે
આ અબોલ જીવોનો સંહાર?
નદીઓનાં નીર પણ
ક્યાં રહ્યાં નિર્મળ?
યમુના નદી પણ
ડી ડી ટીથી પ્રદૂષિત !
કર્ણાટકમાં કેટલાક
જિલ્લાઓમાં પીવાના
પાણીમાં જંતુનાશકોની
હાજરી
જોખમમાં છે જળચર જીવો !
રાસાયણિક ખાતરો
તથા જંતુનાશકોથી
પ્રદૂષિત જળાશયોની
માછલીઓમાં જોવા મળે છે
અંધાપો, જનીનિક ખામીઓ
અને
સામૂહિક મોત !
આવાં રસાયણોથી
પાકતો ખોરાક
ઝેરી અસરથી મુક્ત
ન જ હોય ને !

# અન્નમાં ભર્યાં ઝેર

કાચાં શાકભાજી સ્વાસ્થ્ય માટે જોખમી !
હૈદરાબાદની સંસ્થાએ કરેલ દેશવ્યાપી સર્વેક્ષણમાં ૫૦% થી વધુ
નમૂનાઓમાં જંતુનાશકોની માત્રા ઘણી વધુ !
વિજ્ઞાનીઓએ આપેલી ચેતવણી
શાકભાજી ધોયા વગર અથવા છાલ કાઢ્યા વિના ન ખાવા !

દેશમાંથી નિકાસ થતાં ખાદ્યાન્નોમાં
જંતુનાશકોનાં અવશેષોનું વધતું પ્રમાણ
જર્મની, યુ.કે. અને જાપાને ધરેલ લાલબત્તી




અમદાવાદની સી ઈ આર સી સંસ્થાએ વિવિધ
ખાદ્યસામગ્રીના ચકાસેલા તમામ ૬૦ નમૂનામાં
જોવા મળેલ જંતુનાશકોની હાજરી

આઈ સી એમ આર દ્વારા દેશનાં ૧૨ રાજ્યોમાં કરવામાં આવેલ દૂધના નમૂનાઓની ચકાસણી
૮૭% નમૂનાઓમાં બીએચસી અને ડીડીટી જેવા જંતુનાશકોની હાજરી...



# આરોગ્યપ્રદ કે રોગપ્રદ ખોરાક?

**ગુજરાતમાં પ્રાપ્ય ખાદ્ય સામગ્રીમાં ડીડીટી અને બીએચસીના અવશેષોનું પ્રમાણ (ppm)**

| સામગ્રી | ડીડીટી | બીએચસી |
|---|---|---|
| ઘઉં | ૫.૧૫ | ૧૮.૦૭ |
| તુવેરદાળ | ૭.૭૫ | ૫.૮૬ |
| ચોખા | ૭.૮૦ | ૨૪.૮૨ |
| મગફળી | ૭.૨૪ | ૪.૧૨ |
| માખણ | ૬.૧૫ | ૪.૬૨ |
| ઘી | ૨.૦૩ | ૧.૩૪ |
| ચીઝ | ૧.૦૩ | ૦.૮૮ |

સ્રોત : રાષ્ટ્રીય વ્યાવસાયિક સ્વાસ્થ્ય સંસ્થાન, અમદાવાદ

મોટા ભાગનાં ખાદ્યપદાર્થો
ડીડીટી અને બીએચસી જેવાં જંતુનાશકોથી પ્રદૂષિત છે.
આવો ખોરાક રોગો સામે લડવાની ક્ષમતા ઘટાડે,
કિડની અને પ્રજનનતંત્ર જેવાં અંગોને નુકસાન કરી શકે.


**ડીડીટી અને બીએચસી બન્ને કેન્સરકારક છે.**



# જંતુનાશકો કે માનવનાશકો ?




બહારથી સ્વસ્થ દેખાતો માનવી પણ લાંબા ગાળે ખોરાક દ્વારા શરીરમાં પ્રવેશતા આ જંતુનાશકોની આડ અસરોનો ભોગ બને છે.



**ડીડીટી**
સંભવિત કેન્સરકારક, મગજ-ચેતાતંત્રને નુકસાન, માણસની રોગ સામે લડવાની શક્તિને નુકસાન

**બીએચસી, લિન્ડેન**
ગર્ભને નુકસાન, કેન્સરકારક, યકૃત, કિડની, પ્રજનનતંત્ર અને રોગ સામે લડવાની શક્તિને નુકસાન

**મેલાથિઓન**
રોગ સામે લડવાની શક્તિને નુકસાન અને પ્રજનનતંત્રને નુકસાન

**પેરાથિઓન**
માનવીની રોગ સામે લડવાની શક્તિને નુકસાન

**2, 4 - D**
માનવીની રોગ સામે લડવાની શક્તિને નુકસાન અને પ્રજનનતંત્રને નુકસાન

**કાર્બારિલ**
જન્મજાત ખોડખાંપણ માટે જવાબદાર, માણસની રોગ સામે લડવાની શક્તિને નુકસાન

**આલ્ડ્રીન**
મગજ-ચેતાતંત્રને નુકસાન, જન્મજાત ખોડખાંપણ, કેન્સરકારક

**એન્ડોસલ્ફાન**
પ્રજનનતંત્ર અને રોગ સામે લડવાની શક્તિને નુકસાન, અંતઃસ્રાવોના કાર્યોમાં દખલ

**સિન્થેટીક પાયરેથ્રોઈડ્સ**
પ્રજનનતંત્રને નુકસાન, અંતઃસ્રાવોના કાર્યોમાં દખલ

**હેપ્ટાક્લોર**
ગર્ભ માટે ઘાતક, પ્રજનનતંત્રને નુકસાન

# મૃત્યુનો ઓછાયો




## ભારતનાં મહાનગરોમાં વસતા દર ૧૫ માંથી ૧ વ્યક્તિને માથે તોળાતો કેન્સરનો ભય

### જવાબદાર છે ખોરાકમાંનાં જંતુનાશકો અને પર્યાવરણીય પ્રદૂષકો



# જંતુનાશકોનો ભોગ માસૂમ બાળકો



**સૌથી પહેલાં**
**જંતુનાશકોનો ભોગ બને છે-**

- ગર્ભવતી માતા
- વિકસતો ગર્ભ
- બાળકો

બાળકનું રોગપ્રતિકારક તંત્ર, ચેતાતંત્ર, મગજ, પ્રજનન તંત્ર, વગેરે વિકાસશીલ અવસ્થામાં હોય છે.

વિકાસના આ તબક્કામાં જંતુનાશકોની અસરથી ખોડ ખાંપણ, માનસિક વિકાસમાં અવરોધ, અંતઃસ્ત્રાવી અસમતુલા જેવી કાયમી અસરો થઈ શકે.




**સરેરાશ ભારતીય બાળક ધાવણની દર કિ.ગ્રા. ચરબી સાથે ૪.૬૨ મિ.ગ્રા. ડીડીટી અને ૧.૧૫ મિ.ગ્રા. બીએચસી ધાવે છે.**


# આધુનિક ખેતીની આ છે મોકાણ

## આધુનિક ખેતી

- વધુ ખેડ, વધુ પાણી
- રાસાયણિક ખાતરો
- રાસાયણિક જંતુનાશકો
- સંકર બિયારણ
- વધુ ખર્ચ
- કથળતું પર્યાવરણ

કથળતું પર્યાવરણ
અને મા પ્રકૃતિના
મૂંગા ચિત્કાર

અબોલ પશુ પક્ષીનાં
મૃત્યુનાં કલંક




આપણા અને આપણાં
બાળકોનાં સ્વાસ્થ્યને
ભરખી જતા હાનિકારક
જંતુનાશકો

ખેત રસાયણોનો
ભોગ બનતા ખેડૂત અને
તેના પરિવારનાં આંસુ

આ ખોરાકનો વિકલ્પ છે સજીવ ખેતીની પેદાશો

## સજીવ ખેતી

- છાણિયું ખાતર
- અળસિયાં અને જમીનના જીવોથી ફળદ્રુપ જમીન
- જળ સંરક્ષણ
- દેશી બીજ
- લીમડા જેવી વનસ્પતિ અને ગૌમૂત્રમાંથી બનતા જંતુનાશકો
- સ્વસ્થ પર્યાવરણ




# શોધીએ એક નવો વિકલ્પ

# પસંદગી તમારી: દેખાય છે સુંદર પણ છે ખરેખર ?

## સુંદર




ગોળની ઉજાશ = કેન્સરજનક રસાયણો
સોડિયમ હાઈડ્રોસલ્ફાઈટ,
ડીટરજન્ટ, બેન્ઝીન

## ગુણકારી




કુદરતી રંગવાળો અને ગુણકારી
મીઠાશ તો ચાખે તે જાણે

આ આકર્ષક રંગો તાજગીને બદલે
રસાયણોની નિશાની પણ હોઇ શકે



મોરથૂથુંમાં બોળેલા,
રંગના ઈંજેક્શન આપેલા,
જંતુનાશક સભર શાકભાજી


વધુ પોષક, કુદરતી તાજગી ભર્યા




વધુ ગુણકારી
સજીવ ખેતીનાં શાકભાજી

જંતુનાશકોની અસર
થોડી ઘટી શકે જો...

શાકભાજી, ફળો,
અનાજ-કઠોળ
બરાબર ધોઈએ



શાકભાજી, ફળો
છોલીને વાપરીએ



શાકભાજીને રાંધીને
તૈયાર કરીએ






**શ્રેષ્ઠ ઉપાય**
સજીવ ખેતીથી પકવેલ
અનાજ, કઠોળ, શાકભાજી
અને ફળો વાપરીએ

# સજીવ ખેતીની પેદાશો વધુ પોષક

## રાસાયણિક ખેતીની પેદાશની તુલનામાં
## સજીવ ખેતીની પેદાશમાં ખનિજોના પ્રમાણ




સંદર્ભ: ધ જર્નલ ઑફ ઓલ્ટર્નેટિવ એન્ડ કોમ્પ્લિમેન્ટરી મેડિસિન. વોલ. ૭ નં.૨

### આ ઉપરાંત


**સૂકા પદાર્થ, વીટામીન-સી અને કેન્સર પ્રતિરોધક પદાર્થોનું પ્રમાણ વધુ હોય છે,**

અને

**નુકસાનકારક એવાં જંતુનાશકોનું અને નાઈટ્રેટનુ પ્રમાણ ઓછુંહોય છે.**



# સજીવ ખેતીથી પર્યાવરણ સંરક્ષણ




સ્રોતઃ Organic Farming (issue:37)




**સજીવ ખેતી કરવાથી જળ સંરક્ષણ થાય**


**સજીવ ખેતી કરવાથી જમીન સંરક્ષણ થાય**

**સજીવ ખેતીથી વાતાવરણીય પ્રદૂષણ અટકે**

**સજીવ ખેતી કરવાથી જૈવ વિવિધતાનું સંરક્ષણ થાય**




# સજીવ ખેતીની પેદાશ: મોંઘી કે સોંઘી ?





મારો રૂપૈયો...  
સજીવ પેદાશને આપેલો મારો રૂપૈયો  
પહોંચે ક્યાં ક્યાં જુઓ આ રૂપૈયો  
અબોલ પશુને મરવા ન દે રૂપૈયો  
કલબલ કલબલ પંખીઓનો જીવનદાતા છે આ રૂપૈયો  
ધરતીના એ આંસુ લૂછે, નદીઓને એ નિર્મળ રાખે  
ખેડૂતની ખોવાયેલી ખુશીઓનો લાવનારો છે આ રૂપૈયો  
કેવો છે કમાલ આ રૂપૈયો, પરિવારનો સ્વાસ્થ્ય રક્ષક આ રૂપૈયો  
સહુનો સાથી, સહુનો બેલી,  
સજીવ ખેતીની પેદાશ ખરીદવા ખર્ચેલો આ રૂપૈયો  
આપણો રૂપૈયો... સજીવ રૂપૈયો...!  
જીવન રક્ષક રૂપૈયો...!

# સજીવ ખેતીની પેદાશ: ખોરાક એક, ફાયદા અનેક...

## સજીવ ખેતીની પેદાશો શા માટે ?




# વધુ સુંદર વિશ્વ તરફ




નિર્માણ : જતન: સજીવ ખેતી માટેનું મિશન, વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા-૩૯૦ ૦૨૧
વિષયવસ્તુ અને રજૂઆત સહાયક : સોસાયટી ફૉર એન્વાયરોન્મેન્ટ પ્રોટેક્શન, અમદાવાદ
ચિત્રાંકન-સજ્જા : તુષાર, અમદાવાદ વિચારવિમર્શ : ખેતી અને પર્યાવરણ શાખાના વિદ્યાર્થીઓ
આર્થિક સહયોગ : UNDP - GEF - SGP અંતર્ગત



# LET'S BRING BACK THE GANDHI IN US



Say no to Bt Brinjal - THE GENETIC JUNK

India

*Images for change*

# સજીવ ખેતીની પેદાશોના વિતરકો

**વડોદરા :**

જતન વિતરણ કેન્દ્ર
જતન : સાત્વિક ખેતી માટેનું મિશન,
વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા પિન : ૩૯૦ ૦૨૧.
ફોન : ૦૨૬૫-૨ ૩૭૧૬૯૮

વસુંધરા
મુકુંદભાઈ જયવંતભાઈ
૯-૨૪, સેવાશ્રી રાવપુરા, ચકલાભાઈ પાર્ક,
સેવાશ્રમ, વડોદરા પિન : ૩૯૦ ૦૦૧
ફોન : ૦૨૬૫-૨ ૪૪૫૬૯૫

**અમદાવાદ :**

મહાદેવ-નીતા
૧/૬૮૫, ગાંધી આશ્રમ, અમદાવાદ પિન : ૩૮૦ ૦૨૭
ફોન : ૦૭૯-૨૭૫૫૭૯૦૯, ૨૭૫૫૬૯૦૯

પરેશભાઈ પી. ઠક્કર
પ્રકૃતિ કુદરતી ઉપચાર કેન્દ્ર, ફતેહપુરા બસ સ્ટેન્ડ પાસે,
૧૬/૯, ઓપ્ટિકલ સોસાયટીની બાજુની દુકાનમાં,
ફતેપુરાની સામે, પાલડી, અમદાવાદ પિન : ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૩૭૪૩૫, મો. ૯૮૨૫૬૧૯૧૯૦

સ્વરદાર પટેલ ફાર્મ
ભરોડા-કઠવાડા રોડ, કઠવાડા,
અમદાવાદ ૩૮૨ ૪૩૦. ફોન : ૦૭૯-૨૨૮૨૨૪૫૨,
મો. ૯૮૨૫૬૩૨૮૧૬, ૯૮૨૫૫૨૮૩૩૦૬ (ચિરાગભાઈ)

મિશુલ શાહ
આર્ય સંસ્કૃતિ, ૬ પીસોડ્ઝ ફ્લેટ્સ,
સી.એન. વિદ્યાલય સામે, આંબાવાડી,
અમદાવાદ પિન : ૩૮૦ ૦૧૫.
ફોન : ૦૭૯-૬૫૨૨૫૫૫૫, ૩૨૯૮૭૨૫૭

શીપાલ શાહ
આવાસ, ૫-તેજપાલ સોસાયટી,
ફતેહનગર બસ સ્ટેશન પાસે, પાલડી, અમદાવાદ
ફોન : ૦૭૯-૨૬૬૨૨૦૨૭, ૨૬૬૨૭૦૨૨, ૨૬૬૦૫૫૫૮

**આણંદ :**

સરદાર મનુભાઈ પટેલ
ઓર્ગેનિક હટ, આણંદ ફાર્મ કેન્દ્ર,
આણંદ-સોજીત્રા રોડ, મુ. રવિપુરા,
પો. : ધુંદેલી, જિ. : આણંદ પિન : ૩૮૮ ૬૨૦
ફોન : ૦૨૬૯૨-૨૭૧૫૬૬, મો. : ૯૮૨૫૧૦૦૯૬૮

**વલસાડ :**

મિત્રકો
મોહન ઓર્ગેનિકલી, આઝાદ ચોક,
વલસાડ પિન : ૩૯૬ ૦૦૧
ફોન : ૦૨૬૩૨-૨૫૬૨૫૬
મો. : ૯૮૨૫૫૧૨૫૦૭૪

**ભાવનગર :**

મોહન ભાઈ
ઓરિજિન, બી-૫૦, ઓલિમ્પ કોમ્પ્લેક્ષ,
ટાઉન હોલ પાછળ, [illegible],
વાઘાવાડી રોડ, ભાવનગર પિન : ૩૬૪ ૦૦૧
ફોન : ૦૨૭૮-૨૫૧૨૬૩૮૬, મો. : ૯૮૨૫૧૯૮૨૩૮૩

**કચ્છ-ભુજ :**

મનોજ સોલંકી
હાટકેશ મંદિર પાસે, મેઇન રોડ, જુના વાસ,
પો : માધાપર, ભુજ, જિ. : કચ્છ પિન : ૩૭૦ ૦૨૦
ફોન : ૦૨૮૩૨-૨૪૦૫૮૬, મો. : ૯૮૨૫૬ ૨૮૧૦૦

સંસ્કૃતિ
ભુજ બ્લડ બેંક, દુકાન નં. ૭,
લાલ ટેકરી, આર્ય સમાજ પાસે,
ટેલિફોન એક્સચેન્જની પાછળ,
ભુજ. જિ. કચ્છ પિન : ૩૭૦ ૦૦૧
મો. : ૯૬૨૬૩૫૨૦૮૦

સંજીવની
સુમતિનાથ કોમ્પ્લેક્ષ, આંબાવાડી,
મુ. માંડવી, જિ. કચ્છ પિન : ૩૭૦ ૪૬૫
ફોન : ૦૨૮૩૪-૨૨૩૫૫૬, મો. : ૯૮૭૯૩૫૫૯૯૩

**મુંબઈ :**

Mumbai Organic Farmers & Consumers Association
www.mofca.in
Email : hari.bhari.tokri@gmail.com

The Farmers' Market
www.farmersmarket@kavitamukhi.com
Cell : 09820089378 / 09819852266

**-: વધુ વિગત માટે નીચેની વેબસાઈટ્સની મુલાકાત લો :-**
www.indiaforsafefood.in ◈ www.indiagminfo.org



જતન પ્રકાશન
કિંમત : રૂ.૧૫/-